| **Headline:** Chitra Ramkrishna quits as NSE's MD & CEO | |
|---|---|
| **Source:** Gujarat Samachar | **Date:** 3 December 2016 |

# NSEના એમ.ડી., સીઈઓ પદેથી ચિત્રા રામક્રિષ્નનું રાજીનામું

મુંબઈ તા. ૨

ભારતના સૌથી શેર બજાર નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ના મેનેજીંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર (સીઈઓ) ચિત્રા રામક્રિષ્નને અંગત કારણોસર રાજીનામું આપ્યું છે. એનએસઈ દ્વારા એક નિવેદનમાં જણાવાયું છે કે, તેમના સ્થાને એનએસઈના વર્તમાન ગ્રુપ પ્રેસિડેન્ટ જે. રવિચંદ્રન ચાર્જ સંભાળશે અને વચગાળાના સમય માટે શેર બજારની કામગીરી સંભાળશે.

## હંગામી એમ.ડી, સીઈઓ તરીકે જે.રવિચંદ્રન ચાર્જ સંભાળશે : ટૂંક સમયમાં નવા ઉમેદવારની પસંદગી પ્રક્રિયા શરૂ કરાશે

એનએસઈ દ્વારા નવા ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર અને મેનેજીંગ ડિરેક્ટરની પસંદગી માટેની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરાશે. એનએસઈ આ સંબધિ જાણકારી ટૂંકસમયમાં સેબીને કરશે. ચિત્રા રામક્રિષ્ન એનએસઈના પ્રથમ મહિલા સીઈઓ અને એમ.ડી બન્યા હતા અને તાજેતરમાં જ વર્લ્ડ ફેડરેશન ઓફ એક્સચેન્જીસ (ડબલ્યુએફઈ)ના પ્રથમ મહિલા ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ચિત્રા રામક્રિષ્નના રાજીનામાના સમાચાર એવા સમયે આવ્યા છે કે એનએસઈ તેના ઈનીશિયલ પબ્લિક ઓફરીંગ (આઈપીઓ) લઈને મૂડી બજારમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યું છે. એનએસઈ દ્વારા આ ઈસ્યુ મેનજ કરવા માટે તાજેતરમાં જ ચાર વધારાના ઈન્વેસ્ટમેન્ટ બેંકોની પસંદગી કરાઈ હતી. એનએસઈ દ્વારા ડિસેમ્બરના અંત સુધીમાં જ મૂડી બજાર નિયામક સમક્ષ શેર સેલ ડોક્યુમેન્ટસ ફાઈલ કરવવામાં આવે એવી શકયતાના અહેવાલો વહેતાં થયા છે.

ચિત્રા રામક્રિષ્ન આ અગાઉ એનએસઈના જોઈન્ટ મેનેજીંગ ડિરેકટર, એનએસઈના લિસ્ટિંગ અને ડેપ્યુટી મેનેજીંગ ડિરેકટર, સેબીની ડેરિવેટીઝ પેનલના મેમ્બર અને એનએસડીએલમાં એક્ઝિક્યુટીવ કમિટીના મેમ્બર તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે.